**વસવાટ હકક : Domicile : નક્કી કરવા બાબતે નિયમો, પ્રશ્નાવલી અને સુચનાઓ.**

**ગુજરાત સરકાર**
**સામાન્ય વિભાગ,**
**ઠરાવ ક્રમાંક : ડીઓએમ/૧૧૭૯/પાસપોર્ટ/બી,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૧૯/૭/૭૯**

વંચાણમાં લીધા :- ૧. રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટના ક્રમાંકઃ સી-૨૬૩૭/૭૮ ના તા. ૧૫/૧૧/૭૮નો પત્ર.

૨. સામાન્ય વહીવટી વિભાગના ક્રમાંક : આરટીઆર/૧૩૬૪/૩/કે નો તા. ૧૧/૬/૬૪નો સરકારી ઠરાવ.

૩. સામાન્ય વહીવટી વિભાગના ક્રમાંક : આરટીઆર/૧૩૬૪/૩/કે નો તા. ૨૨/૪/૬૫નો સરકારી ઠરાવ.

**ઠરાવ :-**

સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક/આરટીઆર/૧૩૬૪/૩/કે તા.૧૧/૬/૬૪ થી ચીફ સીટી મેજીસ્ટ્રેટ, અમદાવાદને વસવાટ હકક : **Domicile** પ્રમાણપત્ર આપવા બાબતે આપવામાં આવેલી સત્તાઓ પરત લેવાનો સરકારે નિર્ણય કર્યો છે તે મુજબ આ સત્તાઓ પરત લેવામાં આવે છે.

૨. અમદાવાદ શહેર વિસ્તારના ક્ષેત્ર મર્યાદામાં વસવાટ હકક : **Domicile** : પ્રમાણપત્ર આપવા બાબતે પોલીસ કમિશનર અમદાવાદને સત્તાધિકાર આપવાનું પણ સરકારે ઠરાવ્યું છે. આવાં પ્રમાણપત્ર આપવા અંગે એક નાયબ પોલીસ કમિશ્નરને અધિકૃત કરવાની સત્તા પણ પોલીસ કમિશનરને આપવામાં આવે છે.

૩. આ હુકમો તા. ૧/૮/૧૯૭૯ થી અમલમાં આવશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રા. મ. દોશી
સરકારના ઉપસચિવ

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,

રાજ્યપાલશ્રીના ગૃહનિયામકશ્રી,

મખ્ય મંત્રીશ્રીના સચિવશ્રીઓ,

બધા મંત્રીશ્રીઓના સચિવશ્રીઓ,

મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી ના અંગત મદદનીશો,

સચિવાલયના સર્વે વિભાગો,

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર : બે નકલ સાથે : જરૂરી પ્રસિધ્ધિ અર્થે,

ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ, અમદાવાદ.

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ : ૩૦ નકલ સાથે :

ચીફ સીટી મેજીસ્ટ્રેટ અમદાવાદ : ૧૦ નકલ સાથે :

બધા ખાતાના વડાઓ.

-------------